## પારડીમાં ધોધમાર વરસાદ અનેક વિસ્તારોમાં જળબંબાકાર

**ઠેર ઠેર** પાણી ભરાતા વાહનચાલકો અને લોકોએ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો




પારડીઃ પારડીમાં ગુરુવારે મેઘરાજાએ તોફાની બેટિંગ શરૂ કરી છે. ધોધમાર વરસાદના કારણે પારડીના અનેક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે અને ઠેર-ઠેર પાણી ભરાઈ ગયા છે. શિશુ મંદિર સરસ્વતી સ્કૂલની સામેનો વિસ્તાર, સનરાઈઝ સ્કૂલની પાસે અને સંસ્કૃતિ એપાર્ટમેન્ટની પાછળનો ભાગ, સરકારી ગોડાઉનની બાજુમાં તેમજ વેદાંત હોસ્પિટલની આસપાસના વિસ્તારો આ તમામ વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ જવાને કારણે સ્થાનિક રહીશો અને વાહનચાલકો ભારે મુશ્કેલીમાં મૂકાયા હતાં. પરિસ્થિતિની ગંભીરતાને જોતા પારડી નગરપાલિકાની ટીમ તાત્કાલિક એક્શનમાં આવી ગઈ હતી. પાણીના ઝડપી નિકાલ માટે નગરપાલિકા પદાધિકારીઓ અને વહીવટી સ્ટાફ જાતે સ્થળ પર પહોંચી ગયો હતો.

ચીફ ઓફિસર કોમલબેન ધિન્નેયા, પ્રમુખ ચેતન નાયકા, કારોબારી ચેરમેન ચેતન ભંડારી, આરોગ્ય ચેરમેન કિરણભાઈ પટેલ, સેનેટરી ઇન્સ્પેક્ટર મેહુલ પરમાર, સુપરવાઈઝર પંકજ ગરણિયા તેમજ સભ્યોએ જેસીબી મશીનો સાથે રાખીને વરસાદી પાણીના નિકાલ માટેની લાઈનો સાફ કરાવી હતી અને પાણી ઓછું થાય તે માટે યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરી છે, જેથી નાગરિકોને વહેલી તકે રાહત મળી શકે.

## વલસાડ જિલ્લામાં મેઘરાજાની ધબધબાટી

**ગુરુવારે** પણ બે ઈંચ વરસાદ ખાબકતા અનેક વિસ્તારોમાં પાણી ભરાયા

**વલસાડ** જિલ્લામાં ધરતીપુત્રોએ વાવણીની તૈયારીઓ આરંભી

**છેલ્લા 24 કલાકનો વરસાદ**

| | |
|---|---|
| વાપી | ૪૬ મિમી |
| ઉમરગામ | ૪૯ મિમી |
| વલસાડ | ૪૧ મિમી |
| નાનાપોંઢા | ૩૯ મિમી |
| કપરાડા | ૨૬ મિમી |
| પારડી | ૨૨ મિમી |
| ધરમપુર | ૨૪ મિમી |

વલસાડઃ વલસાડ જિલ્લામાં ચોમાસું હવે બરાબર જામ્યું હોવાનું ચિત્ર જોવા મળી રહ્યું છે. છેલ્લા કેટલાક દિવસોથી વરસાદનો માહોલ યથાવત રહેતા ખેડૂતો સહિત સામાન્ય નાગરિકોમાં રાહતની લાગણી જોવા મળી રહી છે.

જિલ્લાના તમામ તાલુકાઓમાં વરસાદ નોંધાતા ચોમાસાની ગતિવિધિઓ મજબૂત બનતી જોવા મળી રહી છે. ખેતી માટે અનુકૂળ પરિસ્થિતિ સર્જાઈ રહી છે અને ખેડૂતોમાં વાવણી તેમજ પાક વિકાસ અંગે આશાવાદ જોવા મળી રહ્યો છે. બીજી તરફ શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં વાતાવરણમાં ઠંડક પ્રસરી જતાં લોકોને ઉકળાટમાંથી રાહત મળી છે. હવામાન વિભાગ દ્વારા આગામી દિવસોમાં પણ વરસાદી માહોલ યથાવત રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી હોવાથી જિલ્લામાં ચોમાસું હવે સંપૂર્ણ રીતે સક્રિય બન્યું હોવાનું માનવામાં આવી રહ્યું છે.

## વલસાડ જિલ્લામાં ભારે વરસાદની આગાહી, NDRFની ટીમ તૈનાત

**વલસાડ** જિલ્લામાં દર વર્ષે 125 ઈંચથી વધુ વરસાદ ખાબકે છે, દર વર્ષે NDRFની ટીમ ખડે પગે રહે છે



વલસાડઃ વલસાડ જિલ્લામાં છેલ્લા પાંચ દિવસથી વરસાદની હેલી જામી છે ભારે વરસાદને પગલે વલસાડ જિલ્લા વહીવટી તંત્ર એલર્ટ છે. એવામાં હવે NDRFની ટીમ પણ વલસાડ પહોંચી છે.

મહત્વપૂર્ણ છે કે, ચોમાસામાં દર વર્ષે રાજ્યમાં સૌથી વધુ વરસાદ વલસાડ જિલ્લામાં નોંધાય છે. વલસાડ જિલ્લામાં સરેરાશ 125 ઈંચથી વધારે વરસાદ ખાબકે છે. આથી ચોમાસામાં દર વર્ષે વલસાડમાં NDRFની એક ટીમ તૈનાત રાખવામાં આવે છે. આ વખતે પણ NDRFની ટીમ વલસાડ પહોંચી છે. વલસાડ પહોંચતા ટીમના ઉચ્ચ અધિકારીઓએ વલસાડ જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ સાથે એક બેઠક કરી હતી અને બેઠકમાં વલસાડ જિલ્લાની ભૌગોલિક પરિસ્થિતિ અને નીચાણવાળા વિસ્તારોની માહિતી મેળવી હતી. ત્યારબાદ NDRFની ટીમે વલસાડના નીચાણવાળા વિસ્તારોની મુલાકાત લીધી હતી. વલસાડ શહેરના છેવાડેથી ઓરંગા નદી પસાર થાય છે ત્યારે દર વર્ષે ભારે વરસાદ વખતે ઓરંગા નદી કિનારા વિસ્તારોમાં પાણી ભરવાની સમસ્યા સર્જાય છે અને તંત્ર દોડતું થાય છે. આ વખતે પણ NDRFની ટીમે ઓરંગા નદી કિનારાના નીચાણવાળા વિસ્તારોની મુલાકાત લીધી હતી. વલસાડ પહોંચેલી NDRFની ટીમ પાસે પુર કે પાણીમાંથી બચાવ માટેના તમામ આધુનિક સાધન સરંજામથી સજ્જ છે.

## દમણમાં વરસાદી ખાડામાં કાર ખાબકી: બે ઈજાગ્રસ્ત



દમણઃ દમણના દેવકા રોડ પર મોડી રાત્રે વરસાદી પાણીથી ભરાયેલા જોખમી ખાડામાં સુરત પાસિંગની કાર ખાબકતાં પલટી મારી ગઈ હતી. સુરત પાસિંગની ભૂરા રંગની મારુતિ બ્રેઝા કાર નંબર GJ-05-RC-7830 દેવકા રોડ પરથી પસાર થઈ રહી હતી. દરમિયાન વરસાદી પાણીથી સંપૂર્ણપણે ઢંકાઈ ગયેલા રસ્તાની બાજુના ખાડામાં ચાલકને અંદાજો ન આવતાં કાર અચાનક તેમાં ખાબકી ગઈ હતી અને પલટી મારી ઉંધી થઈ ગઈ હતી. અકસ્માત સર્જાતાં આસપાસના લોકો તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને કારમાં ફસાયેલા ચાલક સહિત અન્ય એક સવારને ભારે જહેમત બાદ બહાર કાઢ્યા હતા. ઘટનામાં કારમાં સવારોને નજીવી સામાન્ય ઈજાઓ પહોંચી હોવાનું જાણવા મળ્યું છે.

### અમલસાડની પરિણીતાએ લગ્નના એક વર્ષમાં ફાંસો ખાધો

બીલીમોરાઃ ગણદેવી તાલુકાના અમલસાડ ગામની યુવાન પરિણીતાએ લગ્નના એક જ વર્ષમાં જ ભેદી સંજોગોમાં ફાંસો ખાઈને આત્મહત્યા કરી લેતાં ચકચાર મચી જવા પામી છે. તા.૧/૭/૨૦૨૬ ની મોડી સાંજે અમલસાડ પ્રમુખસ્વામી સોસાયટીમાં રહેતા સંદીપ રમેશભાઈ પટેલ(કુકણા) (ઉ.વ.૩૦)ની પત્ની નિમિશા સંદીપ પટેલ (ઉ.વ.૨૬)એ ફાંસો ખાઈ લીધો હતો. પતિ સંદીપએ પત્ની નિમિશાને ફોન કર્યો હતો પણ તેને ફોન નહીં ઉચકતા પોતે ઘરે જઈને જોયું તો તેને પત્ની પંખાના હુંક સાથે લટકેલી હાલતમાં મળી આવી હતી. તરત જ નિમિશા ને અમલસાડ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં લઈ જવાઈ હતી પણ ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરી હતી. ગણદેવી પોલીસને જાણ કરતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### સેલવાસમાં એક ઇંચ વરસાદ : મધુબન ડેમમાં ૫,૧૬૭ ક્યૂસેક પાણીની આવક

વાપી: સંઘ પ્રદેશમાં વરસાદે જોર પકડ્યું છે. જામી રહેલી ચોમાસાની સિઝન વચ્ચે આજે સવારે ૮થી સાંજના ૫ વાગ્યા સુધીના ૯ કલાક દરમિયાન સેલવાસમાં ૨૭ મીમી એટલે કે આશરે ૧.૦૬ ઈંચ વરસાદ નોંધાયો છે. વરસાદના પગલે ઉપરવાસમાંથી મધુબન ડેમમાં પાણીની નોંધપાત્ર આવક શરૂ થઈ ગઈ છે. હાલ ડેમમાં ૫,૧૬૭ ક્યુસેક પાણીની આવક (ઇનફ્લો) સામે માત્ર ૧૫૦ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે, જેના કારણે ડેમનું વર્તમાન જળસ્તર ૬૮.૬૦ મીટર પર પહોંચ્યું છે. નોંધનીય છે કે ડેમની ચેતવણી સપાટી ૭૯.૮૬ મીટર અને ભયજનક સપાટી ૮૨.૪૦ મીટર છે.

### વલસાડમાં મહાકાય વૃક્ષ ધરાશાયી: રસ્તો બંધ



વલસાડના કોસંબા રોડ પર આવેલી પોલિટેકનિક કોલેજ પાસે એક મહાકાય વૃક્ષ અચાનક ધરાશાયી થયું છે. વૃક્ષ પડવાને કારણે કોલેજ તરફ જતો મુખ્ય રસ્તો સંપૂર્ણપણે બંધ થઈ ગયો હતા, જેને પગલે કોલેજ આવતા-જતા વિદ્યાર્થીઓ ભારે મુશ્કેલીમાં મૂકાયા હતા. જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી સતત વરસાદ પડી રહ્યો છે. ઘટનાને પગલે સ્થાનિક લોકોએ વહીવટી તંત્રને જાણ કરી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### દમણમા બે કાર અને બાઇક વચ્ચે ટ્રિપલ અકસ્માતમાં બે ઇજાગ્રસ્ત



દમણ: સંઘપ્રદેશ દમણના ભેંસલોર ઉદ્યોગ ભવનની સામેના રસ્તા પર ગુરુવારે મોડી સાંજે બે કાર અને એક બાઈક વચ્ચે ટ્રિપલ અકસ્માત સર્જાયો હતો. જેમાં એક પલ્સર બાઇકનો ચાલક દમણ કોલેજ રોડ તરફથી કુંતા તરફ પૂરપાટ ઝડપે જઈ રહ્યો હતો. આ જ સમયે ઉદ્યોગ ભવન સામે ભેંસલોર ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાંથી એક ઇકો સ્પોર્ટ કારનો ચાલક અચાનક મુખ્ય રોડ પર આવી ચઢતાં પલ્સર ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો અને બાઈક ધડાકાભેર ઇકોસ્પોર્ટ કાર સાથે અથડાઈ હતી. આ ટક્કર એટલી જબરદસ્ત હતી કે ત્યારબાદ બાઈકચાલક સામેના ટ્રેક પર કુંતાથી કોલેજ રોડ તરફ જતી અન્ય એક સ્વીફ્ટ ડિઝાઇર કાર સાથે અથડાયો હતો. સદનસીબે અકસ્માતમાં ઇકોસ્પોર્ટ કારની એરબેગ ખુલી જતા તેના ચાલકનો આબાદ બચાવ થયો હતો. પલ્સર ચાલક સહિત બે યુવાનોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, પલ્સર બાઈક અત્યંત વધુ સ્પીડમાં હોવાથી આ ઘટના ઘટી હતી. અકસ્માત બાદ ઘટનાસ્થળે મોટી સંખ્યામાં લોકો એકત્ર થઈ ગયા હતા અને 108 એમ્બ્યુલન્સ મારફતે બંને ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ લઈ જવાયા હતા. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી હાથ ધરી રસ્તા પર પડેલા વાહનોને ખસેડી બાધિત થયેલા ટ્રાફિકને પૂર્વવત કરવાની કામગીરી કરી હતી.

### વાપીમાં 3 વર્ષથી વોન્ટેડ તસ્કર પકડાયો

વાપી: વર્ષ 2023માં વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં ઘરફોડ ચોરીની ફરિયાદ નોંધાઈ હતી તે ગુનામાં વોન્ટેડ શ્રીકાંત ઉર્ફે અર્જુન કૌશલકુમાર રામલખન મિશ્રા (ઉ.વ. 23, રહે. ડીસીબી બેંકની પાછળ, વાપી, મૂળ યુપી)ને વલસાડ એલસીબી ટીમે વાપીથી ઝડપી પાડયો હતો. વધુ તપાસ માટે વાપી ટાઉન પોલીસ સ્ટેશને સોંપ્યો હતો. પકડાયેલ શ્રીકાંત સામે વાપી ડુંગરા પોલીસ સ્ટેશનમાં પણ 2 ગુનાઓ નોંધાયેલા હતાં.

### સોળસુંબાની શાળાના 1500થી વધુ બાળકોને છત્રીનું વિતરણ




ઉમરગામ: સોળસુંબા ગ્રામ પંચાયતના ઇનચાર્જ સરપંચ કરસનભાઈ ભરવાડ દ્વારા સોળસુંબાની સેન્ટ્રલ શાળા તથા સોળસુંબા-1 કામરવાડ, કોળીવાડ તથા ચૌધરી ચરણસિંહ શાળાના મળીને કુલ અંદાજે 1500 જેટલા વિદ્યાર્થીઓને નિ:શૂલ્ક છત્રીનુ વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કરસનભાઈ સહિત તેમના પરિવારજનો, મિત્રો, ગ્રામ પંચાયતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## પારડીના આસમાના સરપંચ વિરુદ્ધ માટી ચોરીના મામલે રજૂઆત

**જાગૃત** નાગરિકે જિલ્લા અને તાલુકા પંચાયતમાં રજૂઆત કરી




પારડીઃ પારડી તાલુકાના આસમા ગામના સરપંચ વિરૂદ્ધ ગામના તળાવમાંથી મોટા પાયે માટી કઢાવી હતી જે બાબતે સત્તાના કથિત દુરુપયોગના ગંભીર આક્ષેપો સાથે ઉચ્ચ સ્તરે ફરિયાદ દાખલ કરવા રજૂઆત કરી છે. જે મુદ્દે વલસાડ ખાણ ખનિજની રોયલ્ટી ભરી કે શું એવા અનેક આક્ષેપો કરવામાં આવ્યા છે. જે બાબતે કાયદેસરની કાર્યવાહી ગામના જ જાગૃત નાગરિક દ્વારા સરપંચને ગુજરાત પંચાયત અધિનિયમની કલમ-૫૭ (૧) મુજબ હોદ્દા પરથી તાત્કાલિક દૂર કરવા માટે જિલ્લા વિકાસ અધિકારી અને તાલુકા વિકાસ અધિકારીને પુરાવા સાથે લેખિત રજૂઆત કરવામાં આવી છે. જેમાં આસમા ગામના સ્થાનિક રહીશ શંકરભાઈ મનુભાઈ પટેલ બુધવારે વલસાડ જિલ્લા પંચાયત કચેરી અને પારડી તાલુકા પંચાયત કચેરીમાં એક સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવી છે.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ગત ૨૨ મે ૨૦૨૬ના રોજ આસમા ગ્રામ પંચાયતની કચેરીમાં સરપંચના અધ્યક્ષ સ્થાને એક ઠરાવ કરવામાં આવ્યો હતો. આ ઠરાવ મુજબ સરકારી કચેરીમાંથી તળાવ ખોદવા માટે 'જલારામ એન્ટરપ્રાઈઝ'ને મંજૂરી મળી હોવાનું સરપંચે જણાવ્યું હતું. જ્યારે જાગૃત નાગરિકો દ્વારા આ કામના વર્ક ઓર્ડરની માંગણી કરવામાં આવી, ત્યારે સરપંચે તે આપવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો. આક્ષેપ છે કે, સરપંચે પોતાના હોદ્દાનો કથિત દુરુપયોગ કરીને વર્ક ઓર્ડરની યોગ્ય મંજૂરી લીધા વિના જ તળાવમાંથી મોટા પાયે માટી કઢાવી હતી. આ કિંમતી માટી અન્ય ગામોમાં વેચી દેવામાં આવી હોવાનો પણ આક્ષેપ છે. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે માટીના વેચાણથી ઉપજેલી રકમનો એક પણ રૂપિયો ગ્રામ પંચાયતની તિજોરી કે કચેરીના ચોપડે જમા કરાવ્યો નહીં હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. સરપંચ, તલાટી તેમજ JCB વાળા સામે ગ્રામજનોએ પ્રશ્નો ઉઠાવી આક્ષેપો કર્યા હતાં.

### વાંકલમાં દીપડો દેખાતા ગ્રામજનોમાં ભય



વલસાડઃ વલસાડ તાલુકાના વાંકલ ગામે વણઝાર વણઝાર ખાડીના કાંઠે આવેલી પોતાની આંબાવાડીમાં ખેડૂત જિતેન્દ્રસિંહ પઢિયાર બપોરના સમયે ગયા હતાં. આ દરમિયાન તેમની નજર અચાનક એક કદાવર દીપડા પર પડતાં તેઓ ક્ષણભર માટે ગભરાઈ ગયા હતાં. સદનસીબે દીપડો થોડે દૂર હોવાથી તેઓ શાંતિપૂર્વક સ્થળ પરથી બહાર નીકળી ગયા હતાં. ત્યારબાદ તેમણે નજીકમાં ખેતીકામ કરતા અન્ય ખેડૂતોને ઘટનાની જાણ કરી હતી. સ્થાનિકોના જણાવ્યા મુજબ, છેલ્લા કેટલાક દિવસોથી રાત્રિના સમયે દીપડાની અવરજવર અંગે અનેક લોકો દ્વારા દાવા કરવામાં આવી રહ્યા હતાં. હવે દીપડો પ્રત્યક્ષ જોવા મળતાં લોકોમાં ભય વધુ ઘેરો બન્યો છે. ખાસ કરીને ખેતરોમાં કામ કરતા ખેડૂતો, પશુપાલકો તેમજ સાંજના સમયે અવરજવર કરતા લોકોમાં અસુરક્ષાની લાગણી વધી છે.

## આજથી વલસાડ જિલ્લાનાં તલાટીઓ કામગીરીથી દૂર રહેશે

**અચોક્કસ** સમય માટે કામથી અળગા રહેશે, 50 જેટલી કામગીરી ખોરવાતા લોકોને મુશ્કેલી વેઠવી પડશે

વલસાડઃ તલાટીઓને સ્પર્શતા વિવિધ મુદ્દાઓ, માંગણીઓ સંદર્ભે લાંબા સમયથી ચાલી રહેલા વિરોધ છતાં કોઈ ઉકેલ ન આવતા ગુજરાત રાજ્ય તલાટી મંત્રી મહા મંડળ દ્વારા 3જુલાઈથી ગામ નમૂના ન.1થી 18 સહિતની મહેસુલી કામગીરી તથા પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગ સિવાયના અન્ય તમામ વિભાગોની કામગીરી બંધ રહેશે તેવો આદેશ આપતા વલસાડ જિલ્લા તલાટી મંડળ દ્વારા પણ આદેશનો અમલ કરશે જેને લઈ અનેક પ્રકારની કામગીરી ખોરવાતા અરજદારોને સમસ્યાનો સામનો કરવો પડશે.

રેશન કાર્ડ ઈ.કે.વાય.સી.અંતર્ગતની કામગીરી, આધાર કાર્ડ વેરી ફિકેશન અંગેની કામગીરી, વારસાઈ રજિસ્ટર, પેઢીનામા અંતર્ગતની કામગીરી, ફોરેસ્ટ રજિસ્ટર, કાયમી ખરડો કામગીરી સહિત 50 થી વધુ કામગીરી બંધ રહેશે.

વલસાડ જિલ્લા તલાટી કમ મંત્રી મંડળના પ્રમુખ વિરલભાઈ પટેલે જણાવ્યું કે રાજ્ય તલાટી મંડળના આદેશ અનુસાર વલસાડ જિલ્લામાં પણ તલાટીઓ ગામ નમૂના ન.1થી 18 સહિતની મહેસુલી કામગીરી તથા પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગ સિવાયના અન્ય તમામ વિભાગોની કામગીરીથી દૂર રહેશે. અન્ય કોઈ આદેશ ન આવે ત્યાં સુધી કામગીરી બંધ રહેશે.

## વલસાડ ST ડેપોમાં પતરાં બદલવા ચોમાસાની રાહ જોવાતી હતી?

**ગત** વર્ષે ચોમાસા દરમિયાન પાણી ટપકતું હતું, છતાં આખું વર્ષ કામ ન કર્યું હવે ચોમાસે કામગીરી શરૂ કરી!

### દસેક દિવસ કામ ચાલશે: ડેપો મેનેજર

વલસાડ એસ.ટી. ડેપો મેનેજર અનિલભાઈ અટારાએ જણાવ્યું કે, ડેપોમાં પતરાં કાણાં થતા હાલ પતરાં બદલવાની કામગીરી શરૂ કરાઈ છે, હજુ સંભવત 10 દિવસ કામગીરી ચાલશે. ત્યાર બાદ સમસ્યા હલ થઈ જશે. પતરાં જૂનાં થતા નવા નાખવા વડી કચેરીએ રજૂઆત કરાઈ હતી. તમામ કામગીરી વડી કચેરીએથી થાય છે.

વલસાડ: વલસાડ જિલ્લાના મુખ્ય મથક વલસાડમાં આશરે 4 કરોડના ખર્ચે 4 વર્ષ અગાઉ નિર્માણ કરાયેલા એસ.ટી.બસ સ્ટેન્ડમાં ભર ચોમાસે નવાં પતરાં બેસાડવાની કામગીરી હાસ્યાસ્પદ બનવા સાથે મુસાફરો માટે સમસ્યારૂપ બની છે.

નોંધનીય છેકે, જૂના ડેપોને તોડી નાખી આશરે 4 કરોડના ખર્ચે નવો ડેપો મંજૂર થયો હતો. એક યા બીજા કારણોસર કામગીરી લંબાતા રહેતા 2022ના સપ્ટેમ્બર મહિનામાં વાહન વ્યવહાર મંત્રીના હસ્તે લોકાર્પણ કરાયું હતું. ડેપો શરૂ થયા બાદ પણ હજુ એટીએમ સેવા સહિતની સેવા શરૂ થઈ શકી નથી. બીજી બાજુ ગત ચોમાસા દરમિયાન ડેપોની છત ઉપર ફિટ કરાયેલાં પતરાં કાણાં થતા પાણી ટપકતા મુસાફરો દ્વારા ભારે આક્રોશ સાથે રજૂઆતો થઈ હતી. છતાં આખા વર્ષ દરમિયાન કોઈ કામગીરી થઈ નહીં અને હાલ વરસાદની સિઝન શરૂ થતાં જ જૂનાં પતરાં કાઢી નવા બેસાડવાની કામગીરી હાથ ધરાતા વરસાદનું પાણી સીધું પાર્કિંગ વિસ્તાર અને પ્લેટફોર્મ ઉપર પડતા મુસાફરો મુશ્કેલીમાં મૂકાયા છે. હજુ અર્ધા ડેપો ઉપર પતરા લગાડવાનું બાકી હોય અર્ધા ડેપોને બંધ કરી દેવાતા પિક અવર્સમાં ડેપોમાં ભારે ભીડ થતા મુસાફરો સમસ્યાગ્રસ્ત બન્યા છે.

## ખેરગામ તાલુકા પંચાયતની પ્રથમ સામાન્ય સભામાં બે સમિતિઓની રચના

**કારોબારી** સમિતિ જિજ્ઞાબેન પટેલ, સામાજિક ન્યાય સમિતિ પૂર્વેશભાઈ ખાંડાવાલાના ફાળે



ખેરગામઃ ખેરગામ તાલુકા પંચાયતની પ્રથમ સામાન્ય સભા પ્રમુખ હંસાબેન પટેલના અધ્યક્ષ સ્થાને તાલુકા વિકાસ અધિકારી અરુણ નાયક અને ઉપપ્રમુખ મુકેશ પટેલની ઉપસ્થિતિમાં યોજાઈ હતી.

આ સભામાં કારોબારી અને સામાજિક ન્યાય સમિતિના સભ્ય અને અધ્યક્ષોની વિધિવત નિમણૂક સાથે વિકાસના કામોને લીલી ઝંડી આપવામાં આવી હતી. આ સભામાં એજન્ડા પરના કામોની શરૂઆત તાલુકા વિકાસ અધિકારીએ કરાવી હતી.

જેમાં નવી કારોબારી સમિતિની રચના કરતા કારોબારી અધ્યક્ષ તરીકે જિજ્ઞાબેન હર્ષદભાઈ પટેલની નિમણૂક કરવામાં આવી હતી. જ્યારે સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ તરીકે પૂર્વેશભાઈ ખાંડાવાલાની વરણી કરાઈ હતી. ખેરગામ તાલુકા ભાજપ પ્રમુખ લીતેશભાઈ, જિલ્લા પંચાયતના સભ્ય મોહિનીબેન પટેલ, હેતલબેન આહીર, તાલુકા સંગઠનના હોદ્દેદારો, કાર્યકર્તાઓ, તાલુકા પંચાયતના તમામ સભ્યો ઉપસ્થિતિ રહ્યા હતાં.

**અવસાન બેસણું**



**સ્વ. ગૌતમચંદ્ર રમાશંકર પાઠક**

(સ્વ. તા. ૨૯-૦૬-૨૦૨૬) બગવાડા

અત્યંત દિલગીરી સાથે જણાવવાનું કે શ્રી ગૌતમચંદ્ર (બચુભાઈ) રમાશંકર પાઠકનું તા. ૨૯-૦૬-૨૦૨૬ ને સોમવારના દિને દુ:ખદ અવસાન થયેલ છે.

સદ્દગતનું બેસણું : તા. ૦૫-૦૭-૨૦૨૬ ને રવિવારના રોજ બપોરે ૦૩ થી ૦૫ કલાકે જૈન વાડી, બગવાડા, તા. પારડી ખાતે રાખવામાં આવેલ છે

નોંધ : બંને પક્ષનું સંયુક્ત બેસણું સાથે જ રાખવામાં આવેલ છે

લિ

શોકાતુર

પ્રકાશચંદ્ર રમાશંકર પાઠક

જવાહર ગૌતમચંદ્ર પાઠક — અનિષ ગૌતમચંદ્ર પાઠક

દુષ્યંત ગૌતમચંદ્ર પાઠક — મયંક પ્રકાશચંદ્ર પાઠક

સાસરા પક્ષ

રાજેન્દ્ર કરુણાશંકર ભટ્ટ — રસિક કરુણાશંકર ભટ્ટ